ગાંધીનગર સમાચાર
તા. ૨૨-૮-૨૦૧૪, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી....

### હતાશા ખંખેરી બેઠી થવા મથતી કોંગ્રેસ

સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં ૩૩ ટકા સ્ત્રી અનામતનો અમલ તો ચાલુ છે પરંતુ વિધાનસભા-લોકસભામાં પણ એ જ વ્યવસ્થા ઊભી કરાવવામાં પુરૂષપ્રધાન્ રાજકારણ આડખીલીરૂપ બનતું રહ્યું છે. રાજીવ ગાંધીના જન્મ દિવસ નિમિત્તે દિલ્હીમાં આયોજિત મહિલા સંમેલનમાં સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીએ આ મુદ્દે સરકાર પર વધુમાં વધુ દબાણ લાવવાનો સંકલ્પ જાહેર કર્યો છે. આ રેલીમાં કોંગ્રેસની થિંક ટેન્કના વરિષ્ઠ સદસ્ય મણિશંકર ઐયરે મહિલાઓ એક થાય તો મોદીને ગાંધીનગર પાછા મોકલી શકાય અને ત્યાંથી પણ આગળ દરિયામાં ડુબાડી શકાય એવું વિવાદાસ્પદ વિધાન કરીને હતાશ કોંગ્રેસી મહિલાઓમાં ઉત્સાહવર્ધન જરૂર કર્યું હશે પરંતુ એથી ઉલટાની એમની જ જૂની કોમેન્ટ પણ લોકોને યાદ આવી ગઇ. તે વખતે હજી લોકસભાની ચૂંટણીઓ થઇ નહોતી પરંતુ મોદીનું નામ એમનો પક્ષ ભાવિ વડાપ્રધાન તરીકે રજૂ કરવા લાગ્યો હતો. ઐયરે એમની લાક્ષણિક શૈલીમાં કહી દીધું હતું કે એકવીસમી સદીમાં મોદી ભારતના વડાપ્રધાન તો નહીં બની શકે પરંતુ એમને જો ચાની રેંકડી કરવી હોય તો અમે વ્યવસ્થા કરી આપીશું. મોદીએ ઐયરના આ શબ્દોને બ્રહ્માસ્ત્રની જેમ ઉછાળ્યા હતા. એમના પ્રત્યે જનતામાં ભારે સહાનુભૂતિનું મોજું ફરી વળ્યું હતું અને કોંગ્રેસનું ધનોતપનોત નીકળી ગયું હતું. સતત બે વાર કોંગ્રેસને સત્તા સ્થાન સુધી પહોંચાડનારાં કાબેલ કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીએ કારમી હાર ખમી લીધી છે અને ફરી પાછાં બમણી તાકાત સાથે મેદાનમાં ઊતરી ભવિષ્યમાં સત્તા હાંસલ કરવાની શ્રદ્ધા વ્યક્ત કરી છે. કોંગ્રેસના મૂળિયાં ઘણાં ઊંડાં છે. એકાદ વાર મરણતોલ ફટકો પડવાથી એ નામશેષ થઇ જશે, એ વાતમાં માલ નથી. એ વારંવાર ફિનિક્સ પંખીની જેમ રાખમાંથી બેઠી થતી રહી છે. હા, એને બેઠા થતાં ખાસ્સી જહેમત જરૂર પડશે. કોંગ્રેસ પાસે રાષ્ટ્રીય સ્વયંસ્વક સંઘ જેવું કોઇ વ્યાપક નેટવર્ક નથી કે નથી ભાજપ જેવી કેડર બેઝ્ડ કાર્યકર્તાની ફોજ. સેવાદળનું ફક્ત નામ જ બચ્યું છે. કોંગ્રેસ એક જ પરિવારની ઊર્જા પર જીવવા માગે તો એ હવે શક્ય પણ નથી. એ પરિવાર કોંગ્રેસની વેરવિખેર તાકાતને સંગઠિત રાખવા માટેનું 'સિમેન્ટિંગ ફોર્સ' ભલે બની રહે, પરંતુ ફક્ત નહેરુ ગાંધી પરિવારના ગરબા ગાવાથી કોંગ્રેસનું દળદળ ફીટો એ વાતમાં માલ નથી. જનતા આ મુદ્દો સમજી શકે છે પરંતુ પરાવલંબી, બેઠખાઉ, નેતાગીરીના જ સ્વાંગમાં રાચતા કોંગ્રેસના આગેવાનો એમની જૂની ઘરેડમાંથી બહાર આવવા તૈયાર નથી. જયાં સુધી કોંગ્રેસમાં પેસી ગયેલો જૂથવાલનો જીવલેણ રોગ નાબૂદ નહીં થાય ત્યાં સુધી એનું સત્તા સ્થાને પુનરાગમન શક્ય નથી. કોંગ્રેસીઓ એ સમજી લેવું જોઇએ કે આજે એમને કોઇ મોરારજી દેસાઇ, ચરણસિંહ, વી.પી. સિંહ કે ચંદ્રશેખર-દેવીલાલ સામે લડવાનું નથી. સામે નરેન્દ્ર મોદી છે, જે હારવામાં માનતા જ નથી. આવા પ્રચંડ પ્રતિભાવંત અને લોકલાડીલા નેતા સામે ઝઝૂમવા માટે તમામ મતભેદો ભૂલીને કોંગ્રેસીઓએ એક થવું જ રહ્યું. બિહારમાં લાલુપ્રસાદ અને નીતીશ કુમાર કેવા સાનમાં સમજી ગયા છે! કોંગ્રેસે એનાં એકસો ઓગણત્રીસ વરસની સૌથી વસમી દશા જોઇ લીધી છે. હવે એણે પાયામાંથી નવી ઇમારત ચણવી જ રહી. આ કામ માત્ર પ્રાદેશિક નેતાગીરી જ કરી શકે. હારેલી ગુજરાત પ્રદેશ કોંગ્રેસે એ દિશામાં પ્રશંસનીય પહેલ કરી છે. યુવાનોને સંગઠિત કરી શંકરસિંહ વાઘેલા અને અર્જુન મોઢવાડિયાએ 'યુ-આર્મી' નામે બેરોજગાર યુવાનોનું બિનરાજકીય સંગઠન રચવાની જાહેરાત કરી છે. ગુજરાતના યુવાનો પોતે જ મેદાનમાં ઊતરે અને કહેવાતા 'ગુજરાત મોડલ'માં યુવાનોનું કેવું શોષણ થઇ રહ્યું છે - એનો ચિતાર દેશ સમક્ષ મૂકે તો જરૂર મોદી વાવાઝોડું ધીમું પડી શકે એમ છે. ઉત્તરાખંડની વિધાનસભાની પેટાચૂંટણીમાં ત્રણે ત્રણ બેઠકો પર કોંગ્રેસ વિજયી બન્યા પછી રાષ્ટ્રીય સ્તરે ઠરી ગયેલા કોંગ્રેસી નેતૃત્વને થોડી કળ વળી હોય એમ લાગે છે. શંકરસિંહ વાઘેલાએ અગાઉ જયારે તેઓ પ્રદેશ પ્રમુખ હતા ત્યારેય 'શક્તિસેના' નામે યુવાનોનું સંગઠન રચવાની કોશિશ કરી હતી જે તત્કાલીન કોંગ્રેસી અગ્રણી અમરસિંહ ચૌધરી વગેરેના વિરોધને કારણે સમેટી લેવું પડેલું. કોંગ્રેસને કોંગ્રેસ જ હરાવતી રહી છે. પરંતુ હવે ભાજપ એના રાષ્ટ્રીય નેતાની પ્રતિભા અને સત્તા ઉપરાંત આરએસએસના સંગઠનને કારણે કોંગ્રેસ સામે વિજયી મુદ્રામાં આવી ગયેલ છે. ખુદ પ્રજાએ લોકશાહીના હિતમાં કોંગ્રેસને મરતી બચાવી લેવી જોઇએ. કોંગ્રેસમુક્ત ભારતનું મોદીનું સપનું સાકાર થશે તો એ લોકશાહી માટે મોટો ફટકો હશે. વિરોધ પક્ષ જીવવો જોઇએ.

## ઉદયભાણસિંહજી ઈન્સ્ટીટ્યુટના ચેરમેન પદે ઘનશ્યામ અમીન ફરી નિયુક્ત

ગાંધીનગર, તા. ૨૧

નેશનલ કાઉન્સીલ ફોર કો-ઓપ ટ્રેઈનીંગ એનસીસીટી દ્વારા ગાંધીનગરની ઉદયભાણસિંહજી રીજીયોનલ ઈન્સ્ટિટ્યુટ કો-ઓપ મેનેજેન્ટની વ્યવસ્થાપક કમિટીની પુનઃ રચના કરવામાં આવી છે.

આ કમિટીમાં આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય સહકારી અગ્રણી અને ગુજરાત રાજ્ય સહકારી સંઘના અધ્યક્ષ ઘનશ્યામભાઈ એચ. અમીનની ફરીથી પાંચ વર્ષ માટે ચેરમેનપદે નિમણુંક કરવામાં આવી છે. આ ઉપરાંત કુભકોના ડીરેક્ટર પરેશભાઈ પટેલની આ કમિટીમાં ડીરેક્ટર તરીકે નિમણુંક કરવામાં આવી છે. આ કમિટીમાં ગુજરાતના સહકારી ક્ષેત્રના પ્રતિભાશાળી સહકારી અગ્રણીઓને તેમજ શિક્ષણ ક્ષેત્રના તજજ્ઞો તેમજ અનુભવીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ભારતના ૧૯ ઈન્સ્ટિટ્યુટમાંથી એક ગાંધીનગરનું આ સેન્ટર સહકારી સંસ્થાઓના પદાધિકારીઓ, અધિકારીઓને અને મેનેજરોને તાલીમ આપવાનું કામ કરે છે. આ સંસ્થા સહકારી ક્ષેત્રે સંશોધનો તેમજ સંબંધિત સંસ્થાઓ માટે સલાહકાર અને સરકારના સહકાર વિભાગ સાથે જોડાયેલ છે.

## ધોરણ-૧૦ના વિદ્યાર્થીનો બે વિદ્યાર્થી ઉપર છરીથી હુમલો

### ધોરણ ૧૨માં અભ્યાસ કરતા બે વિદ્યાર્થીઓ ઉપર હુમલો કરાતા સનસનાટી : હુમલો કરનાર વિદ્યાર્થી પલાયન થયા

અમદાવાદ, તા. ૨૧

અમદાવાદના ચાંદલોડિયા વિસ્તારમાં આવેલી શક્તિ વિદ્યાલયના વિદ્યાર્થીઓએ આજરોજ તોફાન મચાવી દીધું હતું. શાળામાં ધોરણ-૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ધોરણ-૧૨માં અભ્યાસ કરતા બે વિદ્યાર્થીઓ ઉપર છરી વડે હુમલો કરતા સમગ્ર પંથકમાં સનસનાટી મચી જવા પામી હતી. હુમલા બાદ વિદ્યાર્થીઓ ફરાર થઈ ગયો છે જેની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

અમદાવાદના ચાંદલોડિયા વિસ્તારમાં આવેલ શક્તિ વિદ્યાલયમાં બે વિદ્યાર્થીઓ પર છરી વડે હુમલાની ચકચાર જગાવનારી ઘટના સામે આવી છે. શક્તિ વિદ્યાલયના ધોરણ-૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ધોરણ-૧૨માં અભ્યાસ કરતા બે વિદ્યાર્થીઓ ઉપર છરી વડે હુમલો કર્યો હતો. હુમલા બાદ ઘાયલ થયેલા બંને વિદ્યાર્થીઓને સોલા સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. ત્યાંથી વધુ સારવાર માટે વિદ્યાર્થીઓને સિમ્સ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

સુત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી મુજબ છોકરીની છેડતી મુદ્દે મામલો બીચકયો હતો. જેના કારણે ઉશ્કેરાયેલા વિદ્યાર્થીએ છરી વડે હુમલો કર્યો હતો. આ હુમલામાં ધોરણ-૧૨માં અભ્યાસ કરતાં જિગર દેસાઈ નામના વિદ્યાર્થીને છાતી અને પેટના ભાગે ઈજાઓ થતા તેની હાલત ગંભીર જણાઈ રહી છે જ્યારે અન્ય એક વિદ્યાર્થી વિશાલ ઠાકોરને છાતીના ભાગે ઈજાઓ પહોંચી છે. જો કે તેની હાલત હાલ સ્થિર હોવાનું જાણવા મળ્યું છે.

હુમલા બાદ ધોરણ-૧૦નો વિદ્યાર્થી ફરાર થઈ ગયો છે. સમગ્ર મામલાને ગંભીરતાથી લઈ શાળાના સંચાલકોએ આરોપી વિદ્યાર્થીને સસ્પેન્ડ કરી દીધો છે. ઘટનાના ત્રણ કલાક પછી પોલીસને જાણ થતા પોલીસની ટીમ પણ સિમ્સ હોસ્પિટલમાં પહોંચી હતી. પોલીસ અત્યારે ઈજાગ્રસ્ત વિદ્યાર્થીઓના નિવેદન નોંધીને સમગ્ર બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

### કરાટેમાં સુવર્ણ ચંદ્રક

રાયપુર સ્પોર્ટસ કલબ, અમદાવાદ ખાતે તાજેતરમાં



યોજવામાં આવેલી ગુજરાત રાજય ટેક વોન્ડો કરાટે ચેમ્પિયન શીપમાં ગાંધીનગરમાં રહેતા નજાહખાનમ સૈયદને ગોલ્ડમેડલ પ્રાપ્ત થયો છે. અગાઉ યોજાયેલી ઘણી બધી કરાટે ચેમ્પિયનશીપમાં નજાહખાનમે પદકો અને પ્રમાણપત્રો મેળવી શહેર તથા પરિવારનું ગૌરવ વધાર્યું છે.

### વણકર સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનવામાં આવશે

ગુજરાત વણકર સેવા સમાજ દ્વારા સમાજના લગ્નોત્સુક યુવક યુવતિઓ માટે ૧૯મો જીવનસાથી પસંદગી મેળો યોજવામાં આવશે. તેમજ વર્ષ ૨૦૧૩-૧૪ તેજસ્વી વિદ્યાર્થીઓ જેમણે ધોરણ-૧૦, ૧૨માં ૮૫ ટકા, સ્નાતક કક્ષાએ ફર્સ્ટ કલાસ, અનુસ્નાતક કક્ષાએ ૫૦ ટકા મેળવ્યા હોય તેવા વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવશે આવા વિદ્યાર્થીઓએ પોતાના અરજી પત્રકો ગાંધીનગર સંસ્થાના સભ્ય દશરથપાલ પરમાર પ્લોટ નં. ૫૪૦/૨, સેકટર-૭બી ખાતે તા. ૩૧ ઓગસ્ટ પહેલા મોકલી આપવાના રહેશે.

## સેકટર-૨૨ સરસ્વતી શિશુ વાટિકામાં સ્વાતંત્ર્ય પર્વ ઉજવાયું

ગાંધીનગર, તા. ૨૧

શહેરની શાળાઓમાં વંદે માતરમના ગાન સાથે રાષ્ટ્રધ્વજને સલામી આપવામાં આવી. સેક્ટર-૨૨ શ્રી સરસ્વતી શિશુ વાટિકા અને પ્રાથમિક વિભાગ દ્વારા ધ્વજવંદન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓએ દેશભક્તિ ગીતો પર અભિનય કરી ભારત માતાનું ઋણ ચુકવ્યું હતું. જેમાં હો જાઓ તૈયાર સાથીઓ, હો જાઓ તૈયાર, પર અભિનય કરી ઉપસ્થિત સૌ કોઈને દંગ કરી દીધા હતા. ઉપસ્થિત પ્રવિણભાઈ વઘાસિયાએ જણાવ્યું હતું કે આપણને આઝાદી અપાવનાર દેશના સપૂતોને ભૂલવા ન જોઈએ. કેવી પરિસ્થિતિ વચ્ચે આપણને આઝાદી પ્રાપ્ત થઈ તેના પર પ્રકાશ પાડ્યો હતો. બાળકોને ભાવનાબેન, વર્ષાબેન, સવિતાબેન અને જસ્મીનબેનના માર્ગદર્શન હેઠળ તૈયાર કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રિયંકાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## લાયોનેસ કલબ દ્વારા સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી કરવામાં આવી

ગાંધીનગર, તા. ૨૧

લાયોનેસ કલબ ઓફ ગાંધીનગર દ્વારા ૧૫મી ઓગસ્ટ સ્વતંત્રતાદિનની ઉજવણી સે-૧૩ની પ્રાથમિક શાળાના બાળકો સાથે કરવામાં આવી. લાયોનેસ કલબના પ્રમુખ શ્રીમતિ ચંદાબેન યાદવ દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું અને શાળાના પ્રિન્સીપાલ શ્રીમતી શારદાબેન તથા ભાનુબેન ઠકકરનો ખૂબ સાથ અને સહકાર મળ્યો. શાળાના બાળકોએ વિવિધ રમતો અને વિવિધ કાર્યક્રમો રજુ કર્યા અને લાયોનેસ કલબના સભ્યો ટ્રેઝરર દક્ષા જાદવ, સાધનાબેન, લક્ષ્મીબેન, નિમિષાબેન વગેરેએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## કબડ્ડી અંડર-૧૪ ગૃપમાં બીજો નંબર મેળવ્યો

ગાંધીનગર, તા. ૨૧

રાંધેજા અડાલજ વિભાગ વ્યાયામ મંડળની કબડ્ડી સ્પર્ધા પીંપળજ ખાતે યોજવામાં આવી હતી. સ્પર્ધામાં બાલવા શ્રી સ્વામિનારાયણ હાઈસ્કુલના વિદ્યાર્થીઓએ અંડર-૧૪ ગૃપમાં બીજો નંબર મેળવ્યો છે. સ્પર્ધામાં શાળામાંથી જશ પટેલ, આયુષ ચૌધરી, ધ્રુમિત ચૌધરી, માહિર ચૌધરી, અનિરુદ્ધ વાઘેલા, જયપાલ ભાટે, કુનિત ચૌધરી, સાવન પંચાલે ભાગ લીધો હતો.

## બાલભવન ગાંધીનગરનું ગૌરવ હરિયાલી ગજેરા

ગાંધીનગર, તા. ૨૧

ભારત સરકારના રાષ્ટ્રીય બાલભવન નવી દિલ્હી સાથે સંલગ્ન બાલભવન ગાંધીનગરમાં સ્થાનિક કક્ષાએ બાલશ્રી એવોર્ડની સ્પર્ધા યોજાયેલ હતી. જેમાં પસંદગી થયેલ ચાર સ્પર્ધકોએ ગોવા મુકામે ઝોનલ લેવલની સ્પર્ધામાં ભાગ લીધો હતો. જે પૈકી સાઈન્ટીફીક ઈનોવેશન વિભાગમાં હરીયાલી ગજેરાનું સિલેકશન થયેલ છે અને તે રાષ્ટ્રીય બાલભવન નવી દિલ્હી ખાતે રાષ્ટ્રકક્ષાએ ભાગ લેવા તા. ૨૬મી ઓગષ્ટે જનાર છે.

## વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટનું વિતરણ કર્યું

ગાંધીનગર, તા. ૨૧

રાંધેજાની શ્રી કૃષ્ણનગર પ્રાથમિક શાળામાં સિનિયર સિટીજન કાઉન્સિલ દ્વારા ધોરમ-૧ થી ૮ ના વિદ્યાર્થીઓને ડ્રેસ, પેન્સિલ, રબર, ચોપડા, પેન સહિતની શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. સંસ્થાના જે.એલ. શાહ, ડી.એમ. પરમાર, એ.એન. રાણા, ગામના વકીલ વિષ્ણુભાઈ, શાળાના કૈલાશબેન પરમાર ઉપસ્થિત રહ્યા હતા.

## જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વમાં ભાગ લીધો

ગાંધીનગર, તા. ૨૧

શહેરમાં જિલ્લાકક્ષાના સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી ચ-૩ ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવી હતી. આ પ્રસંગે શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય નોન ગ્રાન્ડેડ વિભાગની ધોરણ ૯ અને ૧૧ ની વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીનીઓએ સુનો ગોરસે દુનિયા વાલો... બુરી નજર ના હમ પે ડાલો... રજુ કર્યું હતું. વિદ્યાર્થીનીઓને શિક્ષિકા હર્ષાબેન ચૌધરી દ્વારા તૈયાર કરવામાં આવ્યા હતા.

## સે-૨૬ પોલીટેકનીકમાં સત્યનારાયણ ભગવાનની કથા

ગાંધીનગર, તા. ૨૧

સરકારી પોલીટેકનીક સેક્ટર-૨૬ ખાતે પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે આજ રોજ શુક્રવાર સાંજે ૪.૩૦ કલાકે શ્રી સત્યનારાયણ ભગવાનની કથાનું આયોજન ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ સિકયુરીટી ફોર્સ સોસાયટી અને સરકારી પોલીટેકનીક સે-૨૬ ગાંધીનગર પરિવાર દ્વારા કરવામાં આવ્યું છે.

## જી.આઈ.પી.એસ.ના વિદ્યાર્થીઓ જોડાયા

ગાંધીનગર ટાઉનહોલ ખાતે યોજાયેલ નેશનલ ચિલ્ડ્રન્સ કોંગ્રેસ ૨૦૧૪ નાં ઉદ્દઘાટન પ્રસંગે ગાંધીનગર ઈન્ટરનેશનલ શાળાના ધોરણ-૭, ૮, ૯ નાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆતનાં ભાગરૂપે શાળાનાં પ્રિન્સિપાલ શ્રીમતી રંજનબેન વૈદ્યએ સંસ્કૃતમાં સુંદર સ્તુતિ ઉચ્ચારી હતી. ત્યારબાદ શાળાનાં બાળકોએ કાર્યક્રમનો જુસ્સો વધારવાં તેમનાં સંગીત શિક્ષકનાં માર્ગદર્શન હેઠળ મધુર ગીતો પ્રસ્તુત કર્યા હતા. આ કાર્યક્રમ અંતર્ગત, કાર્યક્રમનાં ઉપાધ્યક્ષ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ બાળકોને પ્રેરણાદાયી શબ્દોથી ઉદ્દબોધ્યાં હતાં. આ સમગ્ર કાર્યક્રમને બાળકોએ અતિ ઉલ્લાસથી માણ્યો હતો.

## હરિની દૃષ્ટિ...





તું ગભરાઈશ નહીં આ ગનનો તારા માટે ઉપયોગ નહીં કરું... તારી બીજી ગલફ્રેન્ડ કેટલી છે એ પહેલા કહી દે...!!

## કલાગુર્જરીનો 'ગોવિંદા આલારે' કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૧

'કલા ગુર્જરી' દ્વારા તેના આઠમા વર્ષના દ્વિતિય કાર્યક્રમ તરીકે લોકભોગ્ય હિન્દી ગુજરાતી કૃષ્ણગીતોના એક અનોખા અને મનભાવન કાર્યક્રમ 'ગોવિંદા આલા રે...'નું આયોજન કરવામાં આવેલ છે. લોકહૈયાનો સ્પર્શતા આ કૃષ્ણગીતો કલ્યાણી કૌઠાળકર, અસીમ મહેતા, પ્રહર વોરા તથા હસમુખ પાટડીયાના કંઠે રજુ થશે તથા જાણીતા ઉદ્ઘોષક તથા કવિશ્રી શોભિત દેસાઈ (મુંબઈ) દ્વારા કાર્યક્રમનું રસદર્શન કરાવવામાં આવશે.

કલા ગુર્જરીના સભ્યો માટે આ કાર્યક્રમ તા. ૨૩મી ઓગસ્ટ, ૨૦૧૪ના રોજ રાત્રે ૯.૩૧ કલાકે ટાઉનહોલ, ગાંધીનગર ખાતે યોજાશે. જેમાં ઉપસ્થિત રહેવા સૌ સભ્યોને કલા ગુર્જરાના પ્રમુખ એન.પી. પટેલે અનુરોધ કરેલ છે. નવા સભ્યો નોંધવા માટે અથવા સભ્યપદ રીન્યુ કરાવવા માટે કાર્યક્રમ પહેલાં ટાઉનહોલ પર વ્યવસ્થા કરવામાં આવેલ છે જેનો લાભ લેવા સૌને વિનંતી છે.



## જ્ઞાનકુંભ

- દર્શન મારૂ

### વર્તમાન પ્રવાહો

૧. વર્ષ ૨૦૧૪માં આયોજિત ૧૩મી એશિયાઇ મહાદ્વિપીય શતરંજ ચેમ્પિયનશીપમાં કયા શતરંજ ખેલાડીએ રજતચંદ્રક જીત્યો હતો?

➜ **બસકરન અધિબન**

૨. ૨૦૧૪માં ભારતની કઇ મહિલા ખેલાડીએ વિશ્વ મહિલા સિનિયર સ્નૂકર ચેમ્પિયનશીપ જીતી હતી?

➜ **ચિત્રા માર્ગીમેરાજ**

૩. ૨૦૧૪માં કયા ભારતીય ગોલ્ફરે ઈન્ડોનેશિયા માસ્ટર્સ ગોલ્ફ ટૂર્નામેન્ટ જીતી હતી?

➜ **અનિર્બાન લાહીડી**

૪. ૨૦૧૬માં બ્રાઝિલના રિયો-ડી-જાનેરોમાં યોજાનારી ઓલિમ્પિક રમતો સહિત અનેક ખેલ કાર્યક્રમોના પ્રસારણ અધિકાર સાત એશિયન દેશો માટે ભારતની કઈ ચેનલને અપાયો છે?

➜ **સ્ટાર ઇન્ડિયા ચેનલ**

૫. ૨૦૧૩માં ૨૪મી રાષ્ટ્રીય ફોટો સ્પર્ધાનું આયોજન કેન્દ્રના કયા મંત્રાલય દ્વારા કરવામાં આવ્યું હતું?

➜ **માહિતી અને પ્રસારણ મંત્રાલય**

૬ વર્ષ ૨૦૧૩માં **RBI** એ કરન્સી ચેસ્ટ નિયમોના ભંગ બદલ કઈ બેંકને દંડ ફટકાર્યો હતો?

➜ **સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા (SBI)**

૭. ૨૦૧૩માં બલ્ગેરિયાના સોફિયામાં આયોજિત વર્લ્ડ જૂનિયર કુસ્તી ચેમ્પિયનશીપના ૯૬ કિ.ગ્રા ફ્રી સ્ટાઈલ વર્ગમાં ભારતના કયા ખેલાડી કાંસ્ય ચંદ્રક જીત્યો હતો?

➜ **સત્યવ્રત કાદિયા**

૮. ૨૦૧૩માં અમેરિકાના અગ્રણી મીડિયા જૂથ આઈબીટી મીડિયાએ સમગ્ર વિશ્વમાં વિખ્યાત અમેરિકાના કયા સાપ્તાહિક સામયિકને ખરીદી લીધું છે?

➜ **ન્યુઝ વીક**

૯. ૨૦૧૩ સિનસિનાટી ઓપન ટેનિસ ટુર્નામેન્ટનું ટાઇટલ કયા ટેનિસ ખેલાડીએ જીત્યું હતું?

➜ **રફેલ નડાલે**

૧૦. ૨૦૧૩ સિનસિનાટી ઓપન ટેનિસ ટુર્નામેન્ટ વિમેન્સ સિંગલનું ટાઇટલ કઈ મહિલા ખેલાડી એ જીત્યું હતું?

➜ **વિકટોરીયા એઝારેન્કા**

૧૧. ૨૦૧૩માં લૈલિયોનાઇન માછલીની નવી પ્રજાતિ કયા રાજયમાંથી મળી આવી હતી?

➜ **અરૂણાચલ પ્રદેશ**

૧૨. ૨૦૧૩ સિનસિનાટી ઓપન ટેનિસ ટુર્નામેન્ટમાં મેન્સ ડબલ્સનું ટાઇટલ કોણે હાંસલ કર્યું હતું?

➜ **બોબ બ્રાયન - માઇક બ્રાયન**

૧૩. કેનેડાના ટોરંટોમાં યોજાયેલી રોજર્સ કપ-૨૦૧૩ની મહિલા સિંગલ્સનું ટાઇટલ કોણે જીત્યું હતું?

➜ **સેરેના વિલિયમ્સ**

૧૪. ૨૦૧૩માં આધાર કાર્ડ સાથે સંકળાયેલા બેંક ખાતાના માધ્યમથી વેતન ચૂકવનારું દેશનું સૌ પ્રથમ રાજય કયુ છે?

➜ **મહારાષ્ટ્ર**

૧૫. રોજર્સ કપ-૨૦૧૩ની વિમેન્સ ડબલ્સનું ટાઇટલ કઈ જોડીએ જીતી લીધું હતું?

➜ **જેલેના જોકોવિક - કતારિના સેબોન્તિક**

૧૬. વર્ષ ૨૦૧૩માં ૯મી મેન્સ એશિયા કપ હૉકી ટુર્નામેન્ટ મલેશિયાના કયા શહેરમાં યોજાઈ હતી?

➜ **ઇપોહ શહેર**

૧૭. ૨૦૧૩માં મલેશિયાના ઈપોહમાં યોજાયેલી ૯મી મેન્સ એશિયા કપ હોકી ટુર્નામેન્ટમાં કુલ કેટલી ટીમો એ ભાગ લીધો હતો?

➜ **કુલ-૮ ટીમ**

૧૮. ૨૦૧૩માં વન-ડે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી વધુ રન નોંધાવનારો ખેલાણી કોણ છે?

➜ **મિસ્બાહ-ઉલ-હક**

૧૯. ૨૦૧૩માં ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા વચ્ચે રમાયેલી પ્રતિષ્ઠાના જંગ સમી એશિઝ શ્રેણી કઇ ટીમે જીતી હતી?

➜ **ઇંગ્લેન્ડ**

૨૦. ૨૦૧૩ હિમાચલ પ્રદેશના કયા જિલ્લામાંથી રાંધણગેસ માટે ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો છે?

➜ **મંડી જિલ્લામાં**





પૂર્વ વડાપ્રધાનશ્રી રાજીવગાંધીના જન્મદિનને દેશભરમાં સદ્દભાવના દિવસ તરીકે મનાવવામાં આવે છે. આ દિવસનાં મહત્વના ભાગરૂપે નહેરૂ યુવા કેન્દ્ર દ્વારા સેક્ટર-૨૮ સ્થિત આવેલ સમર્પણ મુકબધિર શાળામાં એક ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નહેરૂ યુવા કેન્દ્રના સંયોજકશ્રી રજનીકાન્ત સુથાર, ઉદ્દગમ ચેરીટેબલ ટ્રસ્ટના ડો. મયુર જોષી, એસીટી (નહેરૂ યુવા કેન્દ્ર), ભાનુભાઈ શાહના વરદહસ્તે વિજેતા બાળકોને પારિતોષીકથી નવાજવામાં આવ્યા હતા. બાળકોમાં સુશુપ્ત કલાઓને પોતાના વિચારોથી કાગળ પર ઉતારી સર્વાંગી વિકાસ થાય તે હેતુથી સ્વ. રાજીવ ગાંધીની જન્મદિને એક સરાહનીય પ્રયાસ કરવામાં આવ્યો હતો. (તસવીર : કશ્યપ નીમાવત)